# <u>અમદાવાદના મહે.૩૩માં એડી.ચીફ જયુડી.મેજી.સાહેબની ને.ઈ.એકટની કોર્ટ નં.૨૮ અમદાવાદ</u>

**ક્રિ.ઈન્ક.નં.14151/25**

## <u>આંક ૧ તળેનો હુકમ</u>

આ કામે ફરિયાદ, સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાનાં લીસ્ટને ધ્યાને લીધું. હાલનું કામ જરૂરી પૂર્તતા માટે ઈન્કવાયરી રજીસ્ટરે નોંધી સાંભળવા માટે રાખવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે ને.ઈ.એકટની કલમ–૧૩૮(બી) હેઠળ પૂર્તતા કરેલ હોય, હાલના કેસમાં નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ ઈન્સાફી કાર્યવાહી કરવા વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવતા હોઈ, આ કામે ફરીયાદી ધ્વારા જે આરોપીનું ફરીયાદમાં જણાવવામાં આવેલ છે તે અત્રેની કોર્ટની હકુમતની બહારના રહેવાસી હોય, નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા સુઓમોટો રિટ પિટિશન (સી.આર.એલ)નંબર ૦૨/૨૦૨૦ની ગાઈડલાઈન મુજબ હાલનાં આરોપી અત્રેની કોર્ટની ક્ષેત્રાધિકારનાં બહારનાં રહેવાસી હોય તથા નામદાર સુપ્રિમકોર્ટનાં ઈન્ડિયન બેંક એસોસીયેશન વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડિયા રીટ પિટિશન સિવિલ નંબર ૧૮/૨૦૧૩નાં ચુકાદા મુજબ અસલ દસ્તાવેજનાં આધારો, ફરીયાદીનું સોગંદનામું રજુ થતા તે વંચાણે લેતા આ ફરીયાદની ઈન્કવાયરી કરતા ફરીયાદીનાં સોગંદનામાને સમર્થન મળતુ હોય અને અસલ ચેક રજુ કરવામા આવેલ હોય તથા ફરીયાદી જે રિટર્નમેમો રજુ કરેલ છે તે મુજબ ચેક ફરીયાદીની બેંક અત્રેની કોર્ટમાં ક્ષેત્રાધિકારમાં આવેલ હોય.

આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ, ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. Indian Association and other v. Union of India(2014 AIR SC 2528) ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ડાયરેકશન ધ્યાને રાખતાં ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ સાથે ફરીયાદીનું સોગંદ ઉપરનું વેરીફીકેશન રજુ કરેલ છે તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૪૫(૧) અન્વયે ફરીયાદીનું સરતપાસનું સોગંદનામું તેમજ અસલ દસ્તાવેજી પુરાવા પણ રજુ રાખવામાં આવેલ છે. તેમજ ના.સુપ્રિમ કોર્ટનો સ્યુ મોટો Re:Expeditious Trial of Cases Under Section 138 of N.I.Act,1881 નો ચુકાદો ધ્યાને લેતા તથા એન. આઈ. એકટની કલમ ૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેતા સદર કામમાં જે ચેંક આરોપી ધ્વારા આપવામાં આવેલ તે ચેક પરત ફર્યાના એક માસમાં ફરીયાદીએ આરોપીને ડીમાન્ડ નોટીસ આપવાની હોય અને તે નોટીસ આરોપીને બજયાના ૧૫ દીવસમાં જો આરોપી તે નોટીસમાં જણાવેલ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપે તો આ એન. આઈ. એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો બને છે. તેમજ સદર એન. આઈ. એકટના સ્પેશીયલ કાયદાની કલમ ૧૪૨માં આ પ્રકારના કેસોમાં કોગ્નીજન્સ લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સદર ફરીયાદીની ફરીયાદ લેખીતમાં હોય તથા આ કામના આરોપીને સદર કાયદા મુજબ ચેક પરત ફર્યા બાદ ચેકના નાણાં ચુકવણી સારૂં ડીમાન્ડ નોટીસ કાયદેસરની મોકલવામાં આવેલ હોય અને તે નોટીસ

તેઓને બજવા છતાં ત્યારબાદ ૧૫ દીવસમાં તેઓએ ચેકના નાણાં ફરીયાદીને ચુકવી આપેલ ન હોય અને તેના એક માસમાં હાલની ફરીયાદ ના.કોર્ટમાં દાખલ કરવામાં આવેલ હોય ત્યારે સદર કામના આરોપીને પણ સદર કાયદા મુજબ કોગ્નીજન્સ લેતા પહેલા તેઓનો બચાવ કરવાની તથા નાણાં ચુકવણી કરવાની તક મળેલ હોય તેમ જણાય છે. ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા એકટ, ૨૦૨૩ ની કલમ ૨૨૩ ધ્યાને લેતા ખાનગી ફરીયાદોમાં આરોપી સામે  કોગ્નીજન્સ લેતા પહેલા આરોપીને સાંભળવાની તક આપવાની હોય છે પરંતુ સદર કેસ આરોપી સામે એન. આઈ. એકટની કલમ ૧૩૮ મુજબનો દાખલ કરેલ ખાનગી ફરીયાદ હોય અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ સાથે વેરીફીકેશન અને સરતપાસનું સોગંદનામુ પણ સદર કાયદાની કલમ ૧૪૫ અન્વયે સામેલ રાખેલ હોય ત્યારે આ સ્પેશીયલ એકટના કાયદામા જે કોગ્નીજન્સ લેવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે, તે મુજબ આરોપીને હાલની ફરીયાદ દાખલ કરતા અગાઉ સદર કાયદા મુજબ ડીમાન્ડ નોટીસ બજવા છતાં પણ તેઓએ નોટીસમાં જણાવ્યા મુજબનું વર્તન કરેલ ન હોય અને રેકર્ડમાં ફરીયાદીએ તેઓની ફરીયાદના સમર્થનમાં જે દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે તે ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ  ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ, ૧૩૮ અન્વયે પ્રથમ દર્શનીય રીતે ગુન્હો બનતો હોવાનું જણાઈ આવતું હોઈ ત્યારે કાયદાની ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા તથા ના. ઉપરી અદાલતોએ જે ઉપરોકત ચુકાદાઓમાં આ પ્રકારના કેસોમાં લોકોને ઝડપી ન્યાય મળી રહે તથા સદર કાયદાનો ન્યાયનો હેતુ ઝડપથી સિધ્ધ થાય તે સારૂ જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે, તે તમામ  પરીબળો ધ્યાને લેતા સદર આરોપી સામે  કોગ્નીજન્સ લેતા પહેલા તેઓને સદર કેસમાં સાંભળવા ન્યાયીક જણાતું ન હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

ફરીયાદીની હાલની ફરીયાદ **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ,૧૩૮** ના ગુના સબબ ફોજદારી કેસ રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ,૧૩૮  અન્વયે મુદત તા.૦૫/૦૮/૨૫ ના રોજનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૧/૦૭/૨૦૨૫
સ્થળ: અમદાવાદ

( એમ.એ.પીપરાની )
૩૩ માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર,ને.ઈ.એ.કોર્ટ નં.૨૮.
GJ01222